# રાષ્ટ્રીય બાળકી દિવસ : દિકરી બે કુળ તારે

## દીકરી અને દીકરા વચ્ચે મતભેદ રાખવાની જરૂર નથી તેવું શહેરના નાગરિકોનું કહેવું છે


ગાંધીનગર, તા.૨૩

રાષ્ટ્રીય બાલિકા દિવસ ૨૪ જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસ ૨૦૦૮માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની પહેલ હતી. પ્રતિ એક હજાર પુરુષની સરખામણીએ માત્ર ૯૨૩ મહિલા રેશિયો છે. જે ચિંતાજનક કહી શકાય છે. વિશ્વમાં મહિલાઓને પુરુષ સમોવડી ગણવામાં આવે છે. જયારે આ રેશિયો મુજબ સમાજમાં મહિલાઓ માટે ભેદભાવ થઈ રહ્યા છે તે સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી પાછળનો ઉદ્દેશ દિકરીઓને સહાય અને તકો પૂરા પાડવાનો છે. બાળકીના અધિકારો વિશે જાગરૂકતા લાવવા અને બાળ શિક્ષણના મહત્વ અને તેમના આરોગ્ય અને પોષણ અંગે જાગૃતિ લાવવાનો હેતુ પણ છે. સ્ત્રી ભ્રુણ હત્યાથી લઈને લૈંગિક અસમાનતા કે પછી જાતીય દૂરવ્યવહાર કે છેડતી, આ બધા મુદ્દાઓ આજના જમાનામાં સામાન્ય બની ગયા છે ત્યારે આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છોકરીઓ સાથે થતી અસમાનતાઓને પ્રકાશિત કરવા, બાળકીના અધિકારો, શિક્ષણ, આરોગ્ય અને પોષણના મહત્વ સહિતની જાગૃતિને પ્રોત્સાહન આપવાનો છે. આજકાલ લિંગ ભેદભાવ એ એક મોટી સમસ્યા છે જેનો સામનો છોકરીઓ અથવા મહિલાઓ જીવનભર કરે છે. આપણા સમાજમાં દીકરીઓને દીકરા જેટલા હક્કો અને છૂટ મળતી નથી. દહેજ માટે દીકરીને સાસરીવાળા હેરાન કરીને કાઢી મુકે છે તેવા બનાવો વધી ગયા છે. સમાજમાં દહેજપ્રથા નાબૂદ થઈ જવી જોઈએ જેથી દીકરીઓનું શોષણ થવાની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે તે અટકી શકે.

રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી આપણા સમાજમાં છોકરીઓ જે જાતિ આધારિત ભેદભાવનો સામનો કરે છે તેના વિશે જાગૃતિ આવે છોકરીઓ પ્રત્યેના વલણમાં પરિવર્તન લાવે તે માટે ઉજવવામાં આવેછે. ભારત સરકારે આ પરિસ્થિતિ બદલવા અને છોકરીઓની સ્થિતિમાં સુધારો લાવવા વર્ષોથી અનેક પગલા લીધા છે. આ ભેદભાવ ઓછો કરવા સેવ ધ ગર્લ ચાઈલ્ડ, બેટી બચાવો બેટી પઢાઓ, બાળકીઓ માટે મફત અથવા સબસીડી શિક્ષણ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં મહિલાઓને અનામત જેવા અનેક અભિયાનો અને કાર્યક્રમો શરૂ કરાયા છે. રાષ્ટ્રીય બાળકી દિવસ પર એક તરફ દીકરીઓને આગળ વધારવાની ચર્ચાઓ થઈ રહી છે અને બીજી તરફ મહિલાઓ સાથે જોડાયેલા ગુનાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જયારે દીકરીઓ ટકી રહેશે નહી ત્યારે તેઓ કેવી રીતે આગળ વધશે? લિંગ ભેદભાવ હજી પણ સામ્યતા માટે ઝંખના કરે છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ દિકરીઓ દરેક ક્ષેત્રમાં નામ કમાવવા માટે ઉત્સુક હોય છે. સ્ત્રી સશકિતકરણ માટે બેટી બચાવો... બેટી પઢાઓ, વનસ્ટોપ સેન્ટર યોજના, મહિલા હેલ્પલાઈન, ઉજજવલા વર્કીંગ વુમન હાઉસિંગ યોજના, સ્વાધાર ગૃહયોજના, નારીશકિત, નિર્ભયા, મહિલા અભ્યમ હેલ્પલાઈન, ધનલક્ષ્મી યોજના, બાલિકા સમૃધ્ધિ યોજના, કુંવરભાઈનું મામેરું યોજના ચાલી રહી છે. શહેરભરમાં દિકરીઓ માટે સામાજિક સંસ્થાઓ દ્વારા અનેક અભિયાનો કરવામાં આવે છે ત્યારે રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે ગાંધીનગર સમાચાર તરફથી શહેરના નાગરિકો પાસેથી દિકરી માટે કેવી ભાવનાઓ રાખવી જોઈએ આજના સમાજમાં શિક્ષિત સમાજમાં દિકરીઓનું શું મહત્વ છે તે વિશે રાષ્ટ્રીય દિકરી દિવસ નિમિત્તે શહેરના નાગિરકો અને દિકરીના માતા-પિતા તરીકે સુંદર જવાબો આપવામાં આવ્યા હતા...

●●●

દીકરીઓ અને દીકરા વચ્ચે ભેદ રાખવાની જરૂર જ નથી. મારે



બે દીકરીઓ છે અને મને એનું બહું જ ગર્વ છે. કોરોનાકાળમાં દિકરીઓએ દરરોજ ફોન અને વિડિયોકોલ દ્વારા અમારી સખત અને સતત કાળજી રાખી હતી. આપણે એવા સમયમાં આવ્યા છીએ કે દીકરી અને દીકરા વચ્ચે કોઈ ભેદ રાખવો જોઈએ જ નહીં. દીકરી અને દીકરા વચ્ચે ભેદ પાડવો અશકય છે. દીકરીઓ પણ એટલું જ પર્ફોમન્સ આપે છે જેટલું દીકરાઓ આપે છે.

**- ભાગ્યેશ જહા**

●●●

પહેલાં પરિવારમાં સ્ત્રીઓને મહત્વ આપવામાં નહોતું આવતું પરંતુ છેલ્લા દાયકાઓમાં ઘણી બધી સરકારી યોજનાઓમાં સ્ત્રીઓનું નામ લખાવવાનું ચલણ



વધ્યું છે. તેના કારણે સ્ત્રીઓની ગણતરી ઓછી થતી હતી તે હવે યોગ્ય રીતે થવા લાગી હોઈ શકે છે અને શિક્ષણ લીધેલા પરિવાર સ્ત્રી ભેદભાવ કરતાં નથી. સ્ત્રી ભ્રૂણ હત્યાના કેસમાં હવે ડોકટર અને પેશન્ટને કડક સજા કરવામાં આવે છે અને ડોકટરના સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવે છે. એટલે ત્યાં પણ સ્ત્રી ભ્રૂણ પરીક્ષણ ઘણાં પ્રમાણમાં ઘટી ગયું છે. એટલે પણ લક્ષ્મી વધુ જન્મી રહી છે. પુરુષ પ્રધાન ભારત દેશમાં શિક્ષણને કારણે હવે દીકરીઓ વધુ જન્મી રહી છે એટલે કે જન્મ પહેલાં એનું ગર્ભમાં જ ગળું દબાવી દેવામાં આવતું હતું તે હવે મહદ અંશે બંધ થયું છે. મારે બે દિકરીઓ છે અને એનું મને ગૌરવ છે. અમે કયારેય એમાં પ્રત્યે કોઈ ભેદભાવ રાખતા નથી. મોટી દિકરી રિધ્ધિતો એમટેક ગોલ્ડ મેડલ સાથે થઈ છે જે હવે પીએચડી કરી રહી છે. આવનારા દિવસોમાં ભારત દેશમાં સ્ત્રી રેશિયો અવશ્ય પુરુષ કરતાં વધી જશે અને છોકરાઓએ કન્યા મેળવવા દહેજ આપવું પડશે.

**- સંજય થોરાત**

●●●

દીકરી એટલે ઈશ્વરના



આશીર્વાદ નહીં, દિકરી એઠલે આશીર્વાદમાં મળેલ ઈશ્વર... મમ્મીશું જમવાનું બનાવ્યું છે?થી મમ્મીશું જમવાનું બનાવવું છે?ની વચ્ચે એખ દીકરીનીઆખી જિંદગી વીતી જાયછે. મેન દીકરી જ જોઈતી હતી મો જયારે દીકરી જન્મીત્યારે મને કહેવામાં આવ્યું હતું કે તને જે ગમેછે એનો જન્મથયો છે હુંખૂબ ખુશ થઈ ઘઈ હતી. દીકરી એઠલે મારા માટે તો ભગવાનનું જ એક સ્વરૂપ છે.

**- હંસાબેન ક્રિશ્ચિયન**

●●●

અગાઉ કન્યા કેળવણીનું



પ્રમાણ કદાચ નહિવત હતું. સામાજિક માળખાના ફેરફારો અને શૈક્ષણિક સ્તરના સતત અને ધીમા પરંતુ મકકમ સુધારાએ સ્ત્રીને પોતાની આગવી ઓળખ પુરી પાડી છે અને સમાજમાં તેનું સ્થાન, તેનું મહત્વ પણ આંકવામાં આવ્યું છે. સ્ત્રી ઘણા બધા ક્ષેત્રોમાં પુરુષ સમોવડી પુરવાર થઈ છે. જેના કારણે લોક માનસમાં ખૂબ જ મહત્વનું અને મોટું માનસિક પરિવર્તન આવેલ છે અને દિકરીઓના જન્મ દરમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે.

**- જયશ્રી શાહ**

●●●

મારી દીકરીઓ મારું અભિમાન છે. મારી દીકરીઓથી



હું સંપૂર્ણ અનુભવું છું. દીકરી છે તો ઘર એમનાથી મહેકતું રહે છે. દીકરીઓ આજના જમાનામાં દીકરા કરતાં પણ વધારે ખંતથી મા-બાપની સેવા અને સમાજને ઉજાગર કરે છે. દિકરીના પગલાં જે ઘરમાં પડે તેનાથી એ ઘરમાં વૃધ્ધિ, સુખ અને સમૃધ્ધિ વધે છે.

**- નિધિ શાહ**

●●●

દિકરીઓને પણ દીકરા જેટલું જ મહત્વ મળવું જોઈએ.



સરકાર અને સમાજના ડોકટરોની કડકાઈથી દિકરીની ભ્રુણ હત્યાના કિસ્સા ઓછા થયા છે. સમાજનો શિક્ષિત વર્ગ દિકરીને ખૂબ મહત્વ આપે છે. બેટી બચાવો બેટી પઢાવો અભિયાનને સાર્થક કરવું જોઈએ.

**- ડો. રાજેશ શાહ**

●●●

આજના જમાનામાં હજુ પણ આપણા સમાજમાં પુત્રને જ મહત્વ



આપવામાંઆવે છે. પરંતુ ધીરે ધીરે તેમાં સુધારો પણ જણાય છે. અને આપણી સરકાર તથા સમાજનોઅમુક ભાગ હવે બાળકીઓનેપણ મહત્વ આપેછે. જેના કારણે બાળકીઓના જન્મદરમાં સતત વધારો થતો જોવા મળે છે. હું અમારી વાત કરું તો અમારે ફકત એક જ સાત વર્ષની પુત્રી છે અને અમે વિચાર્યું છે કે અમે એક જ સંતાન રાખીશું અને તેની યોગ્ય રીતેકેળવણી કરીશુંજેના પરિણામ રુપે હાલ અમારી પુત્રીએ મોડલિંગ ફીલ્ડમાં સારી સફળતા મેળવી છે અને જો સમાજનો દરેક વર્ગ આવું વિચારે તો ઉત્તરોત્તર બાળકીના જન્મદરમાં ધરખમ વધારો થઈ શકે.

**- વિનોદ કલમા**

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ અને મહામંત્રી રમણભાઈ દેસાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્ને નેતાઓ હોમ આઈસોલેટ થયા છે.

● શહેર ભાજપ દ્વારા નેતાજીની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૪૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યુ હતું.

● જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સુભાષચંદ્ર બોઝના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પી ડીજીટલ મેમ્બરશીપ અભિયાનનો આરંભ કરાયો હતો.

● ગાંધીનગર પ્રાંત અધિકારી કોરોનામાંથી રિકવર થતાં જ તેમની જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.

● અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના માણસા ખાતે કન્યા શાળા-૨ માં ૨૯૫ જેટલા જરૂરિયાતમંદ બાળકોના પરિવારોને કરીયાણાની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સેક્ટર-૩ માં ગટરની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે એક હજાર જેટલા ખેડૂતોને તાલિમ બદ્ધ કરવાનું આયોજન જિલ્લા ખેતીવાડીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

● ગાંધીનગર મનપા દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી અને ધ્વજવંદન સમારોહ મનપાની કચેરી ખાતે જ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા આજે નેતાજીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી જિલ્લાના પાંચ વિધાનસભા મતવિસ્તારોમાં રક્તદાન કેમ્પ યોજી કરવામાં આવી હતી.

● સચિવાલયમાં બજેટની તૈયારીઓને લઈ આજે ઘણી બધી ઓફિસો કાર્યરત રહી હતી.

## જીઈબી થર્મલ પાવર સ્ટેશન યુનિટ-૪નું સમારકામ કયારે ?

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા જીઈબી થર્મલ પાવર સ્ટેશન યુનિટ-૪ ખાતે બોઈલરની અવધી પુરી થઈ ગઈ હોવા છતા સમારકામ માટે તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે. બોઈલરના સમારકામની ત્રણ ત્રણ વાર તારીખો બદલવામાં આવી છે. જેને પગલે સમારકામ કરતા કોન્ટ્રાકટરોની હાલત પણ કફોડી બની જવા પામી છે. મળતી વિગત મુજબ વર્ષ ૨૦૧૯ પછી આ એકમનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું નથી.ત્યારે ગુજરાત બોઈલર ઓફિસ દ્વારા પણ સત્વરે રીપેરીંગ માટે તાકિદ કરવામાં આવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાંથી ઉત્પન્ન થતી વિજળી રાજયના વિવિધ વિસ્તારમાં પહોંચાડવામાં આવે છે. ત્યારે આ સ્ટેશનમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક સીટી કોર્પોરેશન લીમીટેડ દ્વારા વીજ મથક સમારકામની તારીખ વધુ એક વખત મુલતવી રાખવામાં આવી છે. જેને પગલે કોરોનાની મહામારીમાં માંડ મહેનત કરીને કમાઈને ખાતા કોન્ટ્રાકટરોના પરિવારોને પણ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ થર્મલ પાવર સ્ટેશન એકમ નં.-૪ નું તા.૨૩ જાન્યુઆરીએ બોઈલર અવધિ પુરી થતી હતી. અગાઉ તા.૮ જાન્યુઆરીએ સમારકામ કરવાની જાણ કોન્ટ્રાકટરોને કરવામાં આવી હતી. જેથી તમામ કોન્ટ્રાકટર દ્વારા જરુરીયાત માલ-સામાનની ખરીદી કરીને લેબરકામ માટે કારીગરોને તૈયાર કર્યા હતા.ત્યારબાદ આ તારીખે કામગીરી મુલતવી રાખવામાં આવી હતી. તા.૧૮જાન્યુઆરીએ સમારકામ નક્કી થયુ હતું. હવે તા.૨૩ જાન્યુઆરીએ સમારકામ નક્કી થયા બાદ પણ કામગીરી શરુ કરવામાં આવી નથી. આ પહેલા નવેમ્બર મહિનામાં પણ સમારકામ કરવાનું હતું. જે મુલત્વી રાખવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૯ પછી ગુજરાત બોઈલર ઓફિસ દ્વારા સમારકામની સુચના બાદ હજુ સુધી તેનુ કામ ન થયુ હોવાથી નિયમ પ્રમાણે દોઢ વર્ષ તેમજ ૨૧ માસ પછી સમારકામ કરવાનું હોય છે. ત્યારે હવે આ યુનિટનું રીપેરીંગ કામનું મુહર્ત કયારે આવે છે તે આગામી સમયમાં ખબર પડશે.

## સોજાનું ગૌરવ

સોજાના વતની પ્રદીપસિંહ વાઘેલા દ્વારા અમદાવાદ સીટીએમ




ખાતે નિઃશુલ્ક માસ તેમજ સેનીટાઈઝરનું જનતામાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દરેક સમાજના જુદા જુદા આગેવાનો દ્વારા પ્રદીપસિંહ વાઘેલા સોજા ગામના વતની એ.એસ.આઈ. ટ્રાફિક અમદાવાદ તેમજ પોલીસ ફોર્સનું બુકે આપી નસ્માન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં મયંકસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. સામાજિક કાર્યકર ભૂપેન્દ્રસિંહ ચાવડા તેમજ મનહરસિંહ વાઘેલા રાજપૂત સમાજ વતી અભિનંદન આપી પ્રવિણસિંહની કામગીરીને બિરદાવી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, મને ઘરે રહેવાનાં પચાસ ટકામાં ગણવાનો છે કે અહીં આવવાનાં પચાસ ટકામાં...!!**



ગાંધીનગરના મુખ્ય માર્ગોની આસપાસ અને સર્કલો પર આજકાલ ત્રિરંગો લઈને વેચતા કેટલાક ફેરીયાઓ જોવા મળે છે. આપણા રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનું વેચાણ પ્રજાસત્તાક પર્વને કારણે વધ્યું છે. આપણા દેશને આઝાદી પ્રાપ્ત થઈ તે પછી પૂર્ણ પ્રજાસત્તાક રાષ્ટ્ર બનતા બીજા બે વર્ષ લાગ્યા તા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણો દેશ સંપૂર્ણ પ્રજાસત્તાક દેશ બન્યો. જેના કારણે આજે છેવાડાના સાવ સામાન્ય માનવીને પણ તેના પૂર્ણ હકો પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા મળી છે.

## પ્રજાસત્તાક દિને મહિલાઓ માટે સ્વર્ણિમ પાર્કમાં નિઃશુલ્ક યોગ શિબિર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ખાતે આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ પણ વિવિધ આયોજનો કરી રહી છે. શહેરમાં કાર્યરત મહિલા પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા 'લક્ષ્ય આરોગ્યમ' અંતર્ગત શહેરની બાળાઓ, કિશોરીઓ અને મહિલાઓને સ્વસ્થ અને સશક્ત બનાવવાના ઉદ્દેશથી તા.૨૬મી જાન્યુઆરીએ સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન સેન્ટ્રલ વિસ્ટાના સ્વર્ણિમ પાર્ક ખાતે ફુવારા નજીક એક દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિરમાં ધ્યાન, વ્યાયામ-યૌગિક કસરતો, યોગ-પ્રાણાયામ, ગરબા યોગ વગેરે આકર્ષણો સાથે વૈદિક હવન યોજાશે તેમજ ઉત્તમ દિનચર્યા અને ઉત્તમ આહારનું માર્ગદર્શન અપાશે. આ ઉપરાંત શિબિરમાં કોરોના વાયરસ જેવા ગંભીર પડકારો સામે સરળ અને પ્રાકૃતિક ઉપચારોની જાણકારી પણ આપવામાં આવશે. શિબિરમાં સામેલ થનાર શિબિરાર્થીઓએ પોતાનું પાથરણું સાથે લઈને આવવાનું રહેશે તેવું જણાવાયું છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહિલા પતંજલિ યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ ડો.નેહલ દેસાઈ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ગાંધીનગર શહેરના વિકાસ પથને કંડારવા માટે સૌપ્રથમ વખત સ્થાયી સમિતિ દ્વારા જાહેર જનતા પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા

ગાંધીનગર મહાનગરપાલિકાના આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજપત્ર (બજેટ) માટે સ્થાયી સમિતિમાં વિચારણા કરવામાં આવશે. જેમાં ગાંધીનગર શહેરના સર્વાંગી વિકાસ માટેના સુચનો, પ્રતિભાવો શહેરના નાગરિકો પાસેથી સ્થાયી સમિતિના ચેરમેનશ્રી જશુભાઈ પટેલ દ્વારા મંગાવવામાં આવે છે.

હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ જાહેર જનતાએ પોતાના સુચનો-પ્રતિભાવો વિગેરે વિગતવાર લખીને ટપાલ દ્વારા અથવા ગાંધીનગર મહાનગરપાલિકાના **toll free** હેલ્પલાઈન નંબર ૧૮૦૦૧૦૮૧૮૧૮ અથવા ઈમેલ એડ્રેસ **chairman.gmc.gnr@gmail.com** પર દિન-૪ (ચાર)માં મોકલી આપવા ચેરમેનશ્રી, સ્થાયી સમિતિ દ્વારા અપીલ કરવામાં આવે છે.

## રાજ્યમાં ગ્રાહકોને લૂંટતા વેપારીઓ સામે જાગૃતિ, પાંચ વર્ષમાં ૫૦ હજાર ફરિયાદો

### છાપેલી કિંમત કરતાં વધુ ભાવ, ચીજવસ્તુમાં અન્યાય તેમજ છેતરપિંડી સામે ફોરમ અને કમિશનમાં દાખલ થયેલી ફરિયાદો પૈકી ૭૧ અને ૯૧ ટકાનો નિકાલ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં ખુલ્લી લૂંટ ચલાવતા વેપારીઓ સામે ખુદ ગ્રાહકો જાગૃત બની રહ્યાં છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યભરના ફોરમમાં ૫૦ હજાર કરતાં વધુ ફરિયાદો નોંધવામાં આવી છે. એટલું જ નહીં આ સમયગાળામાં કમિશન સમક્ષ ૮૦૦૦ કરતાં વધુ કેસ આવ્યા છે.

ગ્રાહક સુરક્ષા વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે કોઈપણ ચીજવસ્તુની ખરીદીમાં ગ્રાહકને અન્યાય થાય, છેતરપિંડી થાય અથવા તો છાપેલી કિંમત કરતાં વધુ ભાવ લેવામાં આવે તો રાજ્યના તમામ જિલ્લામાં ૩૮ ગ્રાહક સુરક્ષા ફોરમ અને જિલ્લા કમિશનો આવેલા છે. રાજ્યકક્ષાએ કમિશનના પ્રમુખ તરીકે જિલ્લા ન્યાયાધીશ કક્ષાના કાર્યરત અથવા નિવૃત્ત અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે. રાજ્યમાં હાલ ૨૬ જિલ્લા કમિશનો કાર્યરત છે.

તેમણે જણાવ્યું હતું કે કાયદાની સરળતા માટે અને ગ્રાહકોના કેસોનો કોર્ટ કરતાં ઝડપી નિકાલ આવે તે રીતે રાજ્ય કમિશન અને જિલ્લા કમિશન કામગીરી કરતું હોય છે. એક કરોડ રૂપિયા સુધીના વળતર કે ફરિયાદના કેસો જિલ્લા કમિશનમાં કરવામાં આવે છે, જ્યારે એક કરોડથી ઉપરના અને પાંચ કરોડ રૂપિયા સુધીના દાવાનો નિકાલ રાજ્ય કમિશન કરતું હોય છે.

ગ્રાહકોમાં જાગૃતિ આવતાં પ્રતિવર્ષ કેસ અને ફરિયાદની સંખ્યા વધતી જાય છે. રાજ્ય કમિશનમાં પ્રતિવર્ષ અંદાજે ૨૦૦૦ જેટલા કેસ આવે છે. રાજ્ય કમિશનમાં કેસ નિકાલની સ્થિતિ ઘણીવાર ૧૦૯ ટકા સુધી પહોંચી જાય છે. પાંચ વર્ષની સરેરાશમાં કેસ નિકાલ ૯૧.૪ ટકા થયો છે. એટલે કે ૮૨૮૩ કેસ દાખલ થયા હતા જેની સામે ૭૫૪૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. એવી જ રીતે જિલ્લા ફોરમમાં ફરિયાદો કરવાનું પ્રમાણ પણ વધ્યું છે. જિલ્લા ફોરમમાં પ્રતિવર્ષ સરેરાશ ૧૦ હજારથી વધુ ફરિયાદો આવે છે. ૨૦૧૯ના વર્ષમાં ફરિયાદોની સંખ્યા ૧૩૩૧૫ જોવા મળી હતી. જિલ્લા ફોરમમાં દાખલ થયેલા ૫૦૪૫૫ કેસ પૈકી ૩૫૮૨૮ કેસોનો નિકાલ કરીને ફોરમે ૭૦ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.

## આરટીઓના ડેટા મેચ થશે તો એવા ગરીબોને મફત રાશનનો લાભ બંધ કરી દેવાશે

### કોરોના સંક્રમણના સમયમાં સરકારની અનાજ યોજનાનો લાભ લેતાં પરિવારોની સંખ્યામાં ચોંકાવનારો વધારો થતાં હવે રેશનકાર્ડ ધરાવતા લોકોના વાહનો ચેક કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગરીબોને મફતમાં અનાજ આપવાની કેન્દ્ર અને રાજય સરકારની સ્કીમનો લાભ લેનારા પરિવારોની સંખ્યા વધી જતાં સરકારે હવે બોગસ રેશનકાર્ડ ધરાવતા પરિવારોની તપાસ શરૂ કરી છે. આ વખતે સરકારે આવા રેશનકાર્ડ નાબૂદ કરવા અને મફત રાશનનો લાભ નહીં આપવા આરટીઓની મદદ લીધી છે. એટલે કે રેશનકાર્ડ માલિકોના વાહનોનું ચેકીંગ શરૂ કરાશે.

કોરોનાની કપરી સ્થિતિ બાદ સરકારની યોજનાનો લાભ લઈને મફતમાં અનાજ લેતા પરિવારનો સંખ્યામાં વધારો થયો છે ત્યારે સરકારની ગરીબની વ્યાખ્યામાં નહીં આવતા પરિવારો પણ ખોટી રીતે આ સ્કિમનો લાભ લે છે તે શોધવા માટે હવે પુરવઠા વિભાગ દ્વારા વાહનો ધરાવતા માલિકોનું લીસ્ટ મંગાવ્યું છે. પુરવઠા તથા આરટીઓના ડેટા મેચ કરીને ખોટી રીતે અનાજ લેતા કાર્ડધારકોના નામ રદ કરાશે.

નેશનલ ફુડ સિક્યોરીટી એક્ડ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ તથા વંચિત પરિવારોને દર મહિને નિઃશુલ્ક અનાજ વિતરણ કરવામાં આવે છે. સસ્તા અનાજની દુકાનોથી ગરીબ પરિવારોને મફતમાં રાશનનું વિતરણ નિયમિતરીતે આપવામાં આવે છે. આ ઉપરાંત કોવિડની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પણ ગરીબી રેખાથી નીચે જીવી રહેલા ગ્રામિણ વિસ્તારના કુંટુંબોને ફ્રીમાં અનાજ તથા તેલ અને ખાંડ પણ આપવામાં આવી રહ્યું છે.

આ સંજોગોમાં નેશનલ ફુડ સિક્યોરીટીના કાર્ડ હેઠળ જે પરિવારોને મફત અનાજ આપવામાં આવે છે તેમાં ઘણાં પરિવારો એવાં પણ છે જેમની પાસે સુખ-સુવિધાના અન્ય સાધનો હોવા ઉપરાંત આર્થિક સ્થિતિ ગરીબ નહીં હોવા છતાં તેઓ પાસે કાર્ડ છે અને મફત અનાજ પણ મેળવી રહ્યાં છે.

આવાં કાર્ડધારકોને શોધવા માટે નિયમ પ્રમાણે જે પરિવારમાં ફોર વ્હીલર હોય તેવા કાર્ડધારકનું નામ એનએફએસએમાંથી આપોઆપ રદ થઈ જાય છે અથવા તો ફોર વ્હીલર ધરાવતા માલિકના પરિવારને મફતમાં અનાજ મળતું નથી. આ માટે પુરવઠા વિભાગે આરટીઓ પાસેથી ફોર વ્હિલર ધારકોનો ડેટા મંગાવ્યો છે. જો તેમાં કોઈ પરિવારો આવશે તો તેમનું કાર્ડ રદ કરી દેવામાં આવશે.